# વાર્ષિક માસવાર આયોજન

## ધોરણ - ૮

## વિજ્ઞાન (પ્રથમ સત્ર)



shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education



આવા દરેક ધોરણના વિષયવાર આયોજન
શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.

## જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન

**ધોરણ : ૮** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૧) પાક ઉત્પાદન અને વ્યવસ્થાપન

**અધ્યયન નિષ્પતિ :**

- શીખેલ વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.
- દા. ત. પાક ઉત્પાદન વધારે છે.
- પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે.
- દા. ત. વરમિકોમ્પોસ્ટ ખાતરની બનાવટ

**શૈક્ષણિક મુદ્દા :**

- ખેત પદ્ધતિઓ
- પાક ઉત્પાદનની મૂળભૂત પદ્ધતિ ઓ
- ભૂમિને તૈયાર કરવી
- ખેતીના ઓજારો
- વાવણી
- કુદરતી ને કુત્રિમ ખાતર ઉમેરવું.
- સિંચાઇ , સ્ત્રોત અને સીંચાઈની પરંપરાગત તથા આધુનિક પદ્ધતિઓ
- નીંદણ થી રક્ષણ
- લણણી
- પાક ઉત્પાદનનો સંગ્રહ
- પ્રણિયો દ્વારા ખોરાક

**શૈક્ષણિક સાધન :**

- ચાટ્ર્સ
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પાક એટલે શું ? ખરીફપાક અને રવિપાક દ્વારા વિસ્તૃત સમજ આપીશ. વિવિધ પાક ઉત્પાદનની મૂળભૂત પદ્ધતિઓ વિશે ચર્ચા કરીશ. ભૂમિને કેવી રીતે તૈયાર કરી શકાય તેની પદ્ધતિ ઓ વિશે માહિતી આપીશ. ખેતીના ઓજારો વિશે જણાવીશ. તેની ઉપયોગિતા સમજવશે. વાવણી માટે ની વિવિધ ઓજારો તથા વવાણીની યોગ્ય પદ્ધતિ ઓ વિશે સમજૂતી આપશે. કુદરતી અને કુત્રિમ ખાતર વિશે ઉદા. સાથે સમજવીશ. તથા તફાવત સમજાવશે. સિંચાઇ એટલે શું ? સિંચાઇના સ્ત્રોતો તથા સીંચાઈની પરંપરાગત રીતો વિશે જણાવીશ. ચર્ચા કરીશ. આધુનિક સિંચાઇ પદ્ધતિ ઓ વિશે વિસ્તૃત માહિતી આપીશ. નીંદણ એટલે શું ? નીંદણ થી થતાં નુકશાન તથા નીંદણ દૂર કરવાની રીતો વિશે જણાવીશ. લણણી એટલે શું લાલણી નો સમયગાળો તથા લણણી માટે વપરાતા વિવિધ ઓજારો વિશે માહિતગાર કરીશ. પાક સંગ્રહ કરવા માટેની યોગ્ય પદ્ધતિ વિશે સમજ આપીશ.

**મૂલ્યાંકન**

- થયેલ ભૂલો સુધારી લાવવા જણાવીશ.

## જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન

**ધોરણ : ૮** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૨) સુક્ષ્મ જીવો : મિત્ર

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થો અને સજીવોને તેમની લાક્ષણિકતા / ગુણધર્મોના આધારે વર્ગીકૃત કરે છે.
- શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.
- પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.
- વૈજ્ઞાનિક શોધોની કદર કરે છે અને તેની ચર્ચા કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- સૂક્ષ્મજીવો
- વાઇરસ
- ઉપયોગી સૂક્ષ્મજીવો
- સૂક્ષ્મજીવો ક્યાં રહે છે.
- દહીં અને બ્રેડ બનાવવા
- સૂક્ષ્મજીવોનો વ્યાપારી ઉપયોગ
- સૂક્ષ્મજીવોનો ઔષધિય ઉપયોગ
- રસી
- ભૂમિની ફળદ્રુપતામાં વધારો
- પર્યાવરણનું શુદ્દિકરણ
- હાનિકારક સૂક્ષ્મજીવો
- મનુષ્યમાં રોગકારક સૂક્ષ્મજીવો
- પ્રાણીઓમાં રોગકારક સૂક્ષ્મજીવો
- વનસ્પતિમાં રોગકારક સૂક્ષ્મજીવો
- ખોરાક વિષાક્તન (ઝેરી / વિષ યુકત
- ખોરાકની જાળવણી
- નાઇટ્રોજન સ્થાપન
- નાઇટ્રોજન ચક્ર

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- માઇક્રોસ્કોપ બીકર સ્લાઇડ
- સૂક્ષ્મજીવોના ચિત્રો
- ચાર્ટસ

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને સૂક્ષ્મજીવોની પ્રવૃત્તિ દ્વારા માહિતી આપીશ. વાઇરસ વિશે માહિતી આપી સમજૂતિ આપીશ. સૂક્ષ્મજીવો કયા રહે છે. ઉપયોગી સૂક્ષ્મજીવો વિશે જણાવીશ. દહીં અને બ્રેડ બનાવવા માટેની પ્રક્રિયા સમજાવીશ. વિદ્યાર્થીઓને સૂક્ષ્મજીવોનો વ્યાપારી અને ઔષધીય ઉપયોગ જણાવીશ. રસી વિશે માહિતી આપીશ. રસીની શોધ વિશે જણાવીશ. ભૂમિની ફળદ્રુપતામાં વધારો કેવી રીતે થાય છે. તે ચર્ચા કરીશ. પર્યાવરણનું શુદ્દિકરણ કેવી રીતે થાય છે તે અંગે ચર્ચા કરીશ. હાનિકારક સૂક્ષ્મજીવો તથા મનુષ્યમાં રોગકારક સૂક્ષ્મજીવો કેવી રીતે પ્રવેશ મેળવે છે તે અંગે ચર્ચા કરીશ. તેનાથી થતાં કેટલાંક સામાન્ય રોગો અંગે ચર્ચા કરીશ. પ્રાણીઓમાં અને વનસ્પતિમાં રોગકારક સૂક્ષ્મજીવો કેવી રીતે પ્રવેશ કરે છે. તે અંગે ચર્ચા કરીશ. ખોરાક વિષાકૃત કેવી રીતે ના બને તે જણાવીશ. ખોરાકની જાળવણીની વિવિધ રીતો જણાવી ચર્ચા કરીશ. નાઇટ્રોજન સ્થાપના વિશે માહિતી આપીશ. નાઇટ્રોજન ચક્ર સમજાવીશ અને ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રયોગ : પાણીમાં સૂક્ષ્મજીવો તપાસવાં

પ્રવૃતિ : લોટમાં/ મેંદામાં ચીસ્ટમાં ઉપયોગ કરવો.

પ્રયોગ : "આથવણ" નો પ્રયોગ

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરો લખવા જણાવીશ.

**જૂન / જુલાઈ માસનું પાઠ આયોજન**

**ધોરણ : ૮** વિષય: વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૩) સંશ્લેષિત (કૃત્રિમ) રેસાઓ અને પ્લાસ્ટિક

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પડે છે. દા.ત. કુદરતી અને માનવસર્જિત રેસાઓ

**શૈક્ષણિક મુદ્દા :**

- સંશ્લેષિત રેસા એટલે શું ?
- સંશ્લેષિત રેસાના પ્રકાર
★ રેયોન
★ નાયલોન
★ પોલિએસ્ટર
★ એક્રલિક
- સંશ્લેષિત રેસાઓના ગુણધર્મો
- પ્લાસ્ટિક
- પ્લાસ્ટિકના પ્રકારો
- પસંદગીના પદાર્થ તરીકે
- પ્લાસ્ટિક
- પ્લાસ્ટિકના ગુણધર્મો
- પ્લાસ્ટિક અને પર્યાવરણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો
- પ્રવૃતિઓ માટે જરૂરી સાધનો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓ પાસે ઘર વપરાશની સામાન્ય વસ્તુઓની યાદી માંથી કૃત્રિમ અને કુદરતી રેસામાંથી બનેલી વસ્તુને અલગ કરવા જણાવીશ. સંશ્લેષિત રેસાઓ કોને કહેવાય તેની સમજ આપીશ. સંશ્લેષિત રેસાના પ્રકારોમાં રેયોન, નાયલોન, પોલિએસ્ટર અને એક્રલિક વિશે સમજ આપીશ. સંશ્લેષિત રેસાઓના ગુણધર્મોની ચર્ચા કરીશ. પ્લાસ્ટિકની સમજ આપીશ અને ચર્ચા કરીશ. પોલિથીન થર્મોપ્લાસ્ટિક, થર્મોસેટિંગ પ્લાસ્ટિકની ઉ.દા. દ્વારા સમજ આપીશ. પસંદગીના પદાર્થ તરીકે પ્લાસ્ટિક કેમ છે તે અંગે ચર્ચા કરીશ. પ્લાસ્ટિકના ગુણધર્મો જણાવી ચર્ચા કરીશ. પર્યાવરણમાં પ્લાસ્ટિકના ઉપયોગના કારણે શું નુકશાન થાય તે અંગે ચર્ચા કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ/ પ્રયોગ**

પ્રવૃતિ : રેસાના દોરા તોડવા માટે જરૂરી કુલ વજન શોધવું.

પ્રવૃતિ : સંશ્લેષિત રેસા અને કુદરતી રેસામાંથી કયા રેસા એ કોરા થવામાં સમય વધારે / ઓછો લીધો તે ચકાસવું

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ

| **ઓગષ્ટ માસનું પાઠ આયોજન** | |
|---|---|
| **ધોરણ : 8** | વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી |

**પાઠનું નામ:**

(૪) પદાર્થો : ધાતુ અને અધાતુ

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થો અને સજીવોને તેમની લાક્ષણિકતા / ગુણધર્મોના આધારે વર્ગીકૃત કરે છે. દા.ત. ધાતુ અને અધાતુ
- રાસાયણિક પ્રક્રિયાઓના સમીકરણો લખે છે. દા.ત. ધાતુ અને અધાતુની હવા પાણી અને એસિડ સાથેની રાસાયણિક પ્રક્રિયા તેમજ વિસ્થાપન પ્રક્રિયા

**શૈક્ષણિક મુદ્દા :**

- પદાર્થના દેખાવ અને સખતપણું
- ધાતુ અને અધાતુના ભૌતિક ગુણધર્મો
- ધાતુ અને અધાતુના રાસાયણિક ગુણધર્મો
- ઓક્સિજન, પાણી, એસિડ અને બેઇઝ

સાથે પ્રક્રિયા
- વિસ્થાપન પ્રક્રિયાઓ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- પ્રયોગ માટે જરૂરી પદાર્થો અને સાધનો

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પદાર્થોના દેખાવ અને સખતપણુંનું અવલોકન કરાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી નોંધ કરશે. ધાતુ અને અધાતુના ભૌતિક ગુણધર્મો પ્રવૃત્તિ તથા પ્રયોગ દ્વારા સમજાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી તારણ કાઢશે. ધાતુ અને અધાતુના રાસાયણિક ગુણધર્મો વિવિધ પ્રવૃત્તિ અને પ્રયોગ દ્વારા સમજાવીશ. વિદ્યાર્થીઓ અવલોકન કરી તારણ કાઢશે. જેમાં ઓક્સિજન, પાણી, એસિડ અને બેઇઝ સાથે પ્રક્રિયા સમજાવીશ. વિસ્થાપન પ્રક્રિયાઓ સમજાવીશ. ધાતુ અને અધાતુના ઉપયોગોની ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃત્તિ : પદાર્થોની ટીપાવાની ક્ષમતા ચકાસવી.
પ્રયોગ : પદાર્થોની વીજ – વાહકતા તપાસવી
- કાટની પ્રકૃતિની ચકાસણી કરવી.
પ્રયોગ : વિસ્થાપન પ્રક્રિયાઓ તપાસવી.

**મૂલ્યાંકન**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.



**પાઠનું નામ**:
(૫) કોલસો અને પેટ્રોલિયમ

**અધ્યયન નિષ્પત્તિ :**

- પદાર્થો અને સજીવોને તેમની લાક્ષણિકતા / ગુણધર્મોના આધારે વર્ગીકૃત કરે છે. પુન:પ્રાપ્ય અને પુન:અપ્રાપ્ય કુદરતી સંશોધનો વગેરે
- પર્યાવરણના રક્ષણ માટે પ્રયત્ન કરે છે. દા.ત. સંશોધનોનો સમજપૂર્વક ઉપયોગ કરીને.

**શૈક્ષણિક મુદ્દા :**

- રોજિંદા જીવનમાં ઉપયોગી પદાર્થોનું કુદરતી અને માનવ સર્જિતાં વર્ગીકરણ

**– કુદરતી સંશોધનો :**

- પુન: પ્રાપ્ય કુદરતી સંશોધનો
- પુન: અપ્રાપ્ય કુદરતી સંશોધનો
- કોલસો તથા તેની પ્રક્રિયામાં મળતા પદાર્થો
- પેટ્રોલિયમ તથા તેનું શુદ્દિકરણ ઘટકો તથા તેના ઉપયોગો
- કુદરતી વાયુ
- કેટલાંક કુદરતી સંશોધનો મર્યાદિત છે. તેની બચત કેવી રીતે કરવી તેની સમજ.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થીની પ્રવૃત્તિ :**

- વિદ્યાર્થીઓ પાસે રોજીંદા જીવનમાં ઉપયોગી પદાર્થોની યાદી બનાવડાવીશ. તેનું કુદરતી અને માનવસર્જીત પદાર્થોમાં

વર્ગીકરણ કરાવીશ. વિદ્યાર્થીઓને કુદરતી સંશોધનોમાં પુન:પ્રાપ્ય કુદરતી સંશોધનો અને પુન:અપ્રાપ્ય કુદરતી સંશોધનો વિશે ઉદા. સાથે સમજાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. કોલસો તથા તેની પ્રક્રિયાઓ દ્વારા મળતા પદાર્થો વિશે માહિતી આપીશ. પેટ્રોલિયમ વિશે તથા પેટ્રોલિયમનું શુદ્ધિકરણ વિશે સમજાવીશ. પેટ્રોલિયમના ઘટકો જણાવી તેના ઉપયોગોની ચર્ચા કરીશ. કુદરતી વાયુ વિશે માહિતી આપીશ અને ચર્ચા કરીશ. કેટલાંક કુદરતી સંશોધનો મર્યાદિત છે તે જણાવી તેની ઉપયોગીતા મર્યાદિત કરી બચત કઇ રીતે કરી શકાય તેની માહિતી આપીશ ચર્ચા કરીશ અને પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃતિ / પ્રોજેક્ટ / પ્રયોગ**

પ્રવૃત્તિ : રોજીંદા જીવનમાં વપરાતાં વિવિધ પદાર્થોની યાદી બનાવો.

**મૂલ્યાંકન**

સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરી ઉત્તરો લખવા જણાવીશ.

## સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન

**ધોરણ : 8** વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૬) દહન અને જ્યોત

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
- અવલોકી શકાય તેવા ગુણધર્મના આધારે વસ્તુ સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.
- પ્રશ્નોના જવાબ વૈજ્ઞાનિક મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.
- શીખેલાં વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનાં લાગુ કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- દહન શું છે ? સંકલ્પના
- દહનશીલ પદાર્થો અને અદહન શીલ પદાર્થો
- દહન માટે હવા જરૂરી છે તેનું પ્રયોગ દ્વારા નિદર્શન
- જ્વલનબિંદુ
- જ્વલનશીલ પદાર્થો
- આપણે આગને કઇ રીતે નિયંત્રિત કરીએ છીએ ?
- અગ્નિશામક
- દહનનાં પ્રકારશો
- દહન થતાં જયોત ઉત્પન્ન કરતી વસ્તુઓ
- જયોતનું બંધારણ
- મણીબત્તીની જયોતના વિવિધ ભાગ
- બળતણ એટલે શું ?
- બળતણની કાર્યક્ષમતા
- બળતણનું દહન હાનિકારક પદાર્થોનું ઉત્પાદન પ્રેરે છે.

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો
- મીણબત્તી
- દિવાસળીની પેટ્ટી

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને દહન શું છે તે સમજાવીશ. દહનની વ્યાખ્યા જણાવીશ. દહનશીલ પદાર્થો અને અદહનશીલ પદાર્થો વિશે જણાવી ચર્ચા કરીશ. દહન માટે હવા જરૂરી

છે. તે પ્રયોગ દ્વારા બતાવીશ. જ્વલબિંદુ એટલે શું ? તે સમજાવીશ. દહન માટે પદાર્થને તેનાં જ્વલબિંદુ સુધી પહોંચવું જરૂરી હોય છે તે પ્રવૃત્તિ દ્વારા બતાવીશ. જ્વલનશીલ પદાર્થો કોને કહે છે તથા તેના ઉદાહરણ આપીશ. આપણે આગને કઇ રીતે નિયંત્રિત કરીએ છીએ ? તે વિશે જણાવીશ. અગ્નિશામક વિશે માહિતી આપીશ. તેની કામગીરી સમજાવીશ. દહનના પ્રકારો જણાવી ચર્ચા કરીશ. જ્યોત વિશે માહિતી જણાવી ચર્ચા કરીશ. દહન થતાં જ્યોત ઉત્પન્ન કરતી વસ્તુઓની યાદી બનાવવા જણાવીશ. જ્યોતનું બંધારણ સમજવીશ. મીણબત્તીની જ્યોતનાં બંધારણ સમજાવીશ. મીણબત્તીની જ્યોતનાં વિવિધ ભાગ બતાવીશ. બળતણ એટલે શું ? સમજાવી ચર્ચા કરીશ. બળતણના સ્વરૂપો જણાવીશ. વિવિધ બળતણની કાર્યક્ષમતા જણાવીશ. જુદા જુદા બળતણનાં કેલરી મૂલ્ય જણાવીશ. બળતણનું દહન હાનિકારક પદાર્થનું ઉત્પાદન પ્રેરે છે, પર્યાવરણ પર નુકશાનકારક અસરો કરે છે તે અંગે ચર્ચા કરીશ. પ્રશ્નોત્તરી કરીશ.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

**પ્રયોગ :** દહન માટે હવા જરૂરી છે તે દર્શાવતો પ્રયોગ

**પ્રવૃત્તિ :** જ્વલનશીલ પદાર્થોની યાદી તૈયાર કરો.

**પ્રવૃત્તિ :** મીણબત્તી પ્રગટાવવી જ્યોતનું નિરીક્ષણ કરવું

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**સપ્ટેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 8** વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૭) વનસ્પતિઓ અને પ્રાણીઓનું સંરક્ષણ

**અધ્યયન નિષ્પતિ :**

- ઘટનાઓને સમજાવે છે અને કારણો સાથે જોડે છે.
- પર્યાવરણના રક્ષણ માટે પ્રયત્ન કરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- વનનાબૂદી અને તેનાં કારણો
- વનનાબૂદીના પરિણામો
- વન તેમજ વન્યજીવનનું સંરક્ષણ
- જૈવ આરક્ષણ વિસ્તાર
- વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણી સૃષ્ટિ
- સ્થાનિક જાતિઓ
- વન્યપ્રાણી અભ્યારણ
- રાષ્ટ્રીય ઉદ્યાનો
- સ્થળાંતર
- પ્રવાસી પક્ષીઓ
- કાગળનું રિસાયક્લિંગ
- પુન:વનીકરણ

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો નકશાઓ (જિલ્લા રાજ્ય, દેશનો)

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને વનનાબૂદીનો અર્થ આપી તેના કારણો જણાવી ચર્ચા કરીશ. વનનાબૂદીના પરિણામો જણાવીશ. દુષ્કાળ અને રણ નિર્માણ વિશે સમજાવીશ. વન તેમજ વન્યજીવનનું સરક્ષણ કેવી રીતે થાય

તે જણાવી ચર્ચા કરીશ. જૈવ આરક્ષણ વિસ્તાર વિશે માહિતી આપી જિલ્લા, રાજય, દેશમાં કયા કયા રાષ્ટ્રીય ઉદ્યાન, વન્યપ્રાણી અભ્યારણ્ય, જૈવાવરણ આરક્ષિત વિસ્તારની યાદી બનાવડાવીશ. વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણી સૃષ્ટિ વિશે માહિતી આપીશ. ચર્ચા કરીશ. સ્થાનિક જાતિઓમાં વનસ્પતિ અને પ્રાણીઓની માહિતી આપીશ. વન્યપ્રાણી અભ્યારણ્ય વિશે જણાવીશ. ચર્ચા કરીશ. રાષ્ટ્રીય ઉદ્યાનો વિશે જણાવીશ. ચર્ચા કરીશ. રેડ ડેટા બુક વિશે માહિતી આપીશ. સ્થળાંતર વિશે જણાવીશ. પ્રવાસી પક્ષીઓ કેમ સ્થળાંતર કરે તેની ચર્ચા કરીશ. કાગળનું રિસાયકિલંગની પ્રક્રિયા વિશે સમજ આપી. તેના દ્વારા વૃક્ષોને બચાવી શકાય છે. તેની ચર્ચા કરીશ. પુન:વનીકરણ વિશે માહિતી આપી વધુમાં વધુ વૃક્ષોરોપવા માટે જણાવીશ.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

**પ્રવૃત્તિ :** ભારત રેખાચિત્રમાં રાષ્ટ્રીય ઉદ્યાનો, વન્યપ્રાણી અભ્યારણ્યો, જૈવ આરક્ષણ વિસ્તાર દર્શાવો.

**પ્રવૃત્તિ :** તમારી આસપાસના વિસ્તારમાં આવેલ વનસ્પતિ સૃષ્ટિ અને પ્રાણી સૃષ્ટિની યાદી બનાવો.

**પ્રવૃત્તિ :** વૃક્ષારોપણ કરવું.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તરો લખશે.

**ઓક્ટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 8** વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૮) કોષ રચના અને કાર્યો

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યોના આધારે જુદા પાડે છે.
- ડુંગળીના કોષ, ગાલના કોષ અને સુક્ષ્મજીવ વગેરેની સ્લાઇડ તૈયાર કરે છે. અને સુક્ષ્મ જોઇ શકાય તેવા લક્ષણોનું વર્ણન કરે છે.
- પ્રક્રિયા અને સજીવોની નામ નિર્દેશવાળી આકૃતિ (Flow-chart) દોરે છે. દા.ત. કોષની રચના

**શૈક્ષણિક મુદ્દા :**

- કોષની શોધ
- કોષ
- સજીવોમાં કોષોની સંખ્યા, આકાર અને કદમાં વિભિન્નતા હોય છે તેની સમજૂતિ
- કોષ રચના અને કાર્ય
- કોષના ભાગો
- વનસ્પતિકોષ અને પ્રાણીકોષની તુલના

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચાર્ટસ
- ચિત્રો
- સુક્ષ્મ દર્શક યંત્ર

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને કોષની શોધ કેવી રીતે થઇ છે તે જણાવીશ. ચર્ચા કરીશ. કોષ વિશે માહિતી આપીશ. સજીવોમાં કોષોની સંખ્યા, આકાર અને કદમાં વિભિન્નતા હોય

છે. કોષોની સંખ્યા એકકોષી તથા બહુકોષી સજીવો વિશે જણાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. કોષની રચના અને કાર્ય વિશે જણાવીશ. કોષના ભાગો જણાવી તેના કાર્યો જણાવીશ. ચર્ચા કરીશ. વનસ્પતિ કોષ અને પ્રાણીકોષની તુલના કરી કોષ્ટકમાં નોંધ કરાવીશ. ચર્ચા કરીશ. વિદ્યાર્થીઓ કોષ્ટક પૂર્ણ કરશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃત્તિ : ડુંગળીના કોષને તપાસવું

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ પ્રશ્નોના ઉત્તર લખશે.

**ઓક્ટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**

**ધોરણ : 8** વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

(૯) પ્રાણીઓમાં પ્રજનન

**અધ્યયન નિષ્પતિ :**

- પદાર્થો અને સજીવોને તેમના ગુણધર્મો / લાક્ષણિકતાના આધારે વર્ગીકૃત કરે છે.
- પદાર્થો અને સજીવોને તેમના ગુણધર્મો રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
- પ્રક્રિયા અને ઘટનાઓને સમજાવે છે.
- પ્રક્રિયા અને સજીવોની નામ નિર્દેશનવાળી આકૃતિ દોરે છે.

**શૈક્ષણિક મુદ્દા :**

- પ્રજનનના પ્રકારો
- લિંગી પ્રજનન
- નર પ્રજનન અંગો
- માદા પ્રજનન અંગો
- ભ્રુણનો વિકાસ કેવી રીતે થાય છે તેની ચર્ચા
- અપત્યપ્રસવી અને અંડપ્રસવી પ્રાણીઓ
- શિશુંમાંથી પુખ્ય સ્વરૂપ
- અલિંગી પ્રજનન
- હાઇડ્રો અને અમીબામાં પ્રજનન

**શૈક્ષણિક સાધન :**

- પાઠ્ય પુસ્તક
- ચિત્રો

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને પ્રજનનના પ્રકારો જણાવીશ. લિંગી પ્રજનનમાં નર પ્રજનન અંગો, માદા પ્રજનન અંગો અને ફલન વિશે માહિતી આપીશ. ભ્રુણનો વિકાસ કેવી રીતે થાય છે, તે જણાવીશ. ચર્ચા પ્રશ્નોત્તરી કરીશ. અપત્યપ્રસવી અને અંડપ્રસવી પ્રાણીઓ વિશે માહિતી આપીશ. શિશુંમાંથી પુખ્ત સ્વરૂપ કેવી રીતે બને છે. તેની ચર્ચા કરીશ. અલિંગી પ્રજનન વિશે જણાવી હાઇડ્રા, અમીબા જેવા પ્રાણીઓમાં થતાં પ્રજનન વિશે જણાવીશ. ડોલીની વાર્તા, ક્લોનનું કથન કરીશ. વિદ્યાર્થીઓ શ્રવણ કરશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

પ્રવૃત્તિ : વસંત અથવા ચોમાસાની ઋતુમાં કોઇ તળાવ અથવા વહેતા ઝરણાંની મુલાકાત લઇ દેડકાંના ઇંડાઓનું અવલોકન કરવું.

**મૂલ્યાંકન**

- સ્વાધ્યાયના પ્રશ્નોના ઉત્તરોની ચર્ચા કરીશ.
- વિદ્યાર્થીઓ ઉત્તર લખશે.

**ઓકટોબર/ નવેમ્બર માસનું પાઠ આયોજન**
**ધોરણ : 8** વિષય : વિજ્ઞાન અને ટેકનોલોજી

**પાઠનું નામ**:

★ પુનરાવર્તન (એકમ ૧ થી ૯)

**અધ્યયન નિષ્પતિ :-**

**શૈક્ષણિક મુદ્દા :**

★ પુનરાવર્તન (એકમ ૧ થી એકમ ૯)

- મૌખિક કસોટી
- ક્રિયાત્મક કસોટી
- લેખિત કસોટી

**શૈક્ષણિક સાધન :-** પાઠ્ય પુસ્તક

**શિક્ષક વિદ્યાર્થિની પ્રવૃત્તિ :**

વિદ્યાર્થીઓને એકમ – ૧ થી એકમ -૯ નું પુનરાવર્તન કરાવીશ. મૌખિક કસોટી, ક્રિયાત્મક કસોટી, લેખિત કસોટી લઇ મૂલ્યાંકન કરીશ. વિદ્યાર્થીઓ કસોટીના ઉત્તરો આપશે.

**પ્રવૃત્તિ / પ્રોજેક્ટ / પ્રયોગ :**

–

**મૂલ્યાંકન**

- કસોટી લઇ મૂલ્યાંકન કરીશ.

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

# વાર્ષિક માસવાર આયોજન

શિક્ષકો વિદ્યાર્થીઓ માટે તમામ શૈક્ષણિક મટીરીયલ્સ એક જ જગ્યાએ મેળવવા **શિક્ષણસાગર એપ્લિકેશન** ડાઉનલોડ કરો.

shikshansagar.com · The King of Education

શિક્ષણ સાગર





**આવા દરેક ધોરણના વિષયવાર આયોજન શિક્ષણ સાગર એપ્લીકેશનમાં ઉપલબ્ધ છે.**